# GREENLAWNS HIGH SCHOOL QUESTION PAPER

**For the Preliminary Examination Year 2023** **Sub: Gujarati 2 Lang**

**Class: IX** **Time: 3 Hours** **Full Marks: 80**

*This paper comprises of two sections; Section A and Section B. Attempt all the questions from Section A.*

*Attempt four questions from Section B, answering at least one question each from the two books you have studied and any two other questions from the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

**SECTION A**
*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 200 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ૨00 શબ્દોમાં ગુજરાતી માં નિબંધ લખો. (15)

૧. ધરતી નો છેડો ઘર - આ વિષય પર તમારા વિચારો વ્યક્ત કરો.
૨. અતિવૃષ્ટિ
૩. સોશિયલ મીડિયા ના વિદ્યાર્થીઓ માટે ફાયદા, ઘેર ફાયદા
૪. ' પરિશ્રમ એજ પારસમણિ ' આ બાબત ને આવરી લેતો પ્રસંગ કે લેખ લખો.
૫. આપેલું ચિત્ર જોઈ તેના આધારે તમારા મન માં ઉઠતા ભાવ આધારી લેખ કે વાર્તા લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. આઝાદી ની ઉજવણી માં વિદ્યાર્થી નો શું ફાળો હોવો જોઈએ તે વિષયે વિચારો વ્યક્ત કરતો પત્ર તમારા મિત્ર ને લખો.

૨. તમારા ઘર ની બહાર ના રસ્તા પર ખૂબજ ખાડા પડ્યા છે તેને લીધે અકસ્માતો થાય છે તે ખાડા પૂરવા માટે નગર પાલિકા ના અધિકારી ને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

એક સાધુ હતા. તેઓ ગામેગામ ફરી લોકોને ભગવાનના વિચાર કહેતા. તેમની સાથે તેમના ચેલાઓ પણ જતા. એક દિવસ તેઓ મથુરા પહોંચ્યા. ત્યાંના લોકો તેમને ગામમાં ઘુસવા દેતા નથી. તેમની વિદ્વાત્તાની પરીક્ષા કરવા કહે છે.ગામના પ્રખ્યાત પંડિત અને સાધુની ધર્મ ઉપર ખૂબ મોટી ચર્ચા થઈ. સાધુએ પંડિતના દરેક પ્રશ્નોના જવાબ વેદ, ઉપનિષદ, શાસ્ત્રો, પુરાણોના ઉદાહરણ આપીને આપ્યા. માથુરના લોકોએ તેમને ગામમાં આવવા દીધા. પણ જે પંડિત હારી ગયો હતો તેણે પોતાની હારનો બદલો વાળવાનું નક્કી કર્યું. તેણે સાધુના ચેલાને સોનાના દાગીનાની લાલચ આપી. અને તે ચેલો લોભમાં ફસાઈ ગયો. પંડિતે સાધુને પોતના ઘરે જમવા બોલાવ્યો. અને ભોજન પછી તેણે કહ્યું કે તેણે પોતાના ઘરમાં એક કીમતી હીરો રાખ્યો હતો. તે ખોવાઈ ગયો છે. સાધુએ પોતે હીરો લીધો નથી તેમ કહ્યું છતાં શેઠે તેનો ઝોલો તપાસ્યો. તેના ઝોલામાંથી હીરો નીકળ્યો અને પંડિતે તેને ચોર કરાર કર્યો.

આખા ગામમાં વાત પ્રસરી ગઈ. બધા પંડિતના ઘરે ભેગા થયા. ચોર સાધુને બધાએ સજા કરવાની વાત કરી. તેને પથ્થરથી મારવાનું નક્કી થયું. લોકોએ પથ્થર લીધા અને સાધુને મારવા લાગ્યા. સાધુના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું. આ જોઈ તેના ચેલાને પોતાની ભૂલ સમજાઈ અને તેણે બધાને રોક્યા. સાધુની માફી માંગી અને ગામના લોકોને કહ્યું કે આ બધું પંડિતએ કારાવ્યું છે. મેં પૈસાની લાલચમાં પંડિતનો હીરો સાધુના ઝોળામાં મૂક્યો હતો. મને માફ કરો. મારી ભૂલ થઈ. સાધુ ખૂબ જ જ્ઞાની, વિદ્વાન અને બુદ્ધિમાન છે. ગામ વાળા સાધુની ક્ષમા માંગે છે.

પ્રશ્નો:

૧. સાધુ કેવા હતા? તેઓ શું કરતા? એક દિવસ તેઓ ક્યાં ગયા? (2)

૨. સાધુની કઈ પરીક્ષા થઈ? કેવી રીતે? (2)

૩. પંડિતે પોતાની હારનો બદલો વાળવા શું કર્યું? (2)

૪. ગામના લોકોએ સાધુને કઈ સજા કરી? ચેલાએ શું કહ્યું? (2)

૫. તમે પંડિતની જગ્યાએ હોત તો તમે શું કરત? ફકરાને યોગ્ય શીર્ષક આપો. (2)

Question 4

Answer the following according to the instructions given.

પ્રશ્ન 4. નીચે આપેલા પ્રશ્નનોના ઉિર સૂચના પ્રમાણે લખો.

વાક્ય વાંચી લીટી દોરેલા રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો. (1)

i ) શ્યામની ભૂલ પકડાઈ ગઈ ત્યારે તેણે માતાની સામે કાનની બૂટ પકડી.

ક ) ભૂલ સુધરવી
ખ )ભૂલ કબૂલ કરવી
ગ ) ભૂલ છુપાવી
ઘ ) ભૂલ ફરી કરવી

ii ) યોગ્ય શબ્દસમૂહ પસંદ કરો. (1)

ક ) સપ્તાહિક
ખ ) માસિક
ગ ) વાર્ષિક
ઘ ) અર્ધ વાર્ષિક

iii) લીટી દોરેલા શબ્દનો વિરોધી લખો. (1)

શાળામાં વિદ્યાર્થી નો એકાંકી વિકાસ થતો નથી પરંતુ ________ વિકાસ થાય છે.

ક ) સર્વાંગી
ખ )શર્વાંગી
ગ ) સર્વાંગિ
ઘ ) શર્વાંગિ

iv ) વા ની દ્વિ અર્થની જોડણી લખો. (1)

ક )પવન , તરંગ
ખ ) એક રોગ , વાહ
ગ ) વાહ , તરંગ
ઘ ) પવન , વાહ

v )સંજ્ઞાની સાચી જોડી બનાવો (1)

વાક્ય -માટીના ઢગલામાં બાળકો રમતા હતા.
ક ) વ્યકિવાચક - બાળક , દ્રવ્યવાચક -માટી
ખ )સમૂહવાચક -ઢગલો , દ્રવ્યવાચક -માટી
ગ ) જાતિવાચક -બાળકો , વ્યક્તિવાચક -ઢગલો
ઘ ) ભાવવાચક -રમવું , જાતિવાચક

vi )નીચે આપેલા વાક્યોમાંથી સાચી જોડણી વાળું વાક્ય પસંદ કરો. (1)

ક ) સરિતા વારીસૂની થઈ ગઈ.
ખ) સરિતા વારીસુની થઈ ગઈ.
ગ ) સરિતા વારિસુની થઈ ગઈ.
ઘ ) સરિતા વારિસૂની થઈ ગઈ.

vii ) ભવિષ્યકાળ વાળું વાક્ય શોધો. (1)

ક ) મીતાએ ઘરનું કામ કરી લેવાનું છે.
ખ )મીતા ઘરનું કામ કરી બેસી જશે.
ગ )મીતા ઘરનું કામ કરી લેશે.
ઘ )મીતા ઘરનું કામ કરશે.

viii) વાક્યમાં લીટી દોરેલા શબ્દ ની જાતિ બદલતો શબ્દ પસંદ કરી લખો. (1)

વાક્ય - <u>ગોરાણી</u> બાગમાં ફરવા નીકળ્યા.

ક )ઘોર
ખ )ગોર
ગ )ગોવાળ
ઘ )ગોરણો

**SECTION B**

*(Attempt **four** questions from this **Section**)*

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તા)

SAHITYA GURJARI (SHORT STORIES)

Question 5

Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

' ત્યારે તમારે અત્યાર માં ચૂલા ની વેઠ કરવી નહિ અમારી ચા અત્યારે થતીજ હોય છે. એમાં તમારો એક પ્યાલો વધારે લ્યો આ.... '

(પરિવર્તન - ગૌરીશંકર જોશી ' ધૂમકેતુ ')
(Parivartan – Gaurishankar Joshi 'Dhumketu')

પ્રશ્નો

૧. પરિવર્તન પાઠ ના લેખક નો પરિચય આપો. (૨)
૨. ઉપર યુક્ત વાક્ય કોણ બોલે છે? કોને કહે છે? શા માટે? (૨)
૩. દંપતી ની આંખો માં શા માટે આંસુ આવી ગયા? સમજાવો. (૩)
૪. અંતે કોના કોના જીવન માં પરિવર્તન આવ્યું? (૩)

Question 6

Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 6. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.

' પેલી યુવતીને હસવું આવ્યું. તેણે સામે પ્રશ્ન કર્યો : " તમને શું ગમશે? હું રહું તે કે જાઉં તે? " '

(ખરી માં - રમણલાલ વ. દેસાઈ)
(Khari Ma – Ramanlal V. Desai)

પ્રશ્નો

૧. બાળક માં ને ક્યાં ક્યાં શોધતો હતો? કયા સવાલો પૂછતો? (૨)
૨. બાળક માં ની કેવી પરીક્ષા કરતો? કયા સવાલો પૂછતો? (૨)

૩. માં આવવા થી બાળક માં શા પરિવર્તન આવ્યા? તેનું જીવન કેવું થઈ ગયું? (૩)
૪. નવી માં ખરી માં શી રીતે બની? પાઠ ના આધારે સમજાવો. (૩)

Question 7
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 7. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.

' ઘર માં બધે દોડધામ થઇ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. વૃદ્ધ મજી પણ માંદા માંદા એ તપાસ માં જોડાયા. '

(માજી નો પ્યાલો - ગુલાબદાસ બ્રોકર)
(Maji No Pyalo – Gulabdas Broker)

પ્રશ્નો
૧. લેખક નું નામ અને સાહિત્ય પ્રત્યે પ્રદાન લખો. (૨)
૨. પ્યાલો ચોરવાનું આરોપ કોના પર આવ્યો? શા કારણે? (૨)
૩. માજી ના વર્તન દ્વારા શો વિરોધાભાસ જોવા મળે છે? (૩)
૪. બાળકો એ મજીને કયા કયા પ્રશ્નો પૂછ્યા? પ્યાલો ક્યાં થી અને શી રીતે મળ્યો? (૩)

સાહિત્ય ગર્જરી (કવિતા)
SAHITYA GURJARI (POEM)

Question 8
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 8. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.

' પરંતુ જાણ્યું છે,
કદી વા માણ્યું છે, '

(બનાવટી ફૂલોને - પ્રહલાદ પારેખ)
(Banavati Fulo – Prahalad Parekh)

પ્રશ્નો

૧. કવિ નો ટૂંક માં પરિચય આપો. કાવ્યનો પ્રકાર જણાવો. (૨)
૨. કવિ નો યુગ જણાવી શશી, ભાનુ અને વાયુ નો અર્થ જણાવો. (૨)
૩. સાચા ફૂલો સૌભાગ્યશાળી છે એવું શા પર થી કહી શકાય? (૩)
૪. બનાવટી ફૂલો કવિતા દ્વારા શો સંદેશો આપે છે? સમજાવો. (૩)

Question 9
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 9. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.

' મનમાં જવું એકલ વીરા!
તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ.
આપણી વ્યથા '

(બોલીએ ના કંઈ - રાજેન્દ્ર શાહ)
(Boliye Na Kai - Rajendra Shah)

પ્રશ્નો

૧. કાવ્ય નો પ્રકાર લખો. કવિના કયા લક્ષણો ની જાંખી થાય છે? (૨)
૨. કવિ ક્યાં એકલા જવાનું કહે છે? શા માટે? (૨)
૩. કાવ્ય માં કયા સનાતન સત્ય ની વાત કરવા માં આવી છે? (૩)
૪. ઉપર આપેલી કાવ્ય પંક્તિ સમજાવો. (૩)

Question 10
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 10. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.

' ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે "આવો બાપુ" કહી ઊભો. '

(ગ્રામમાતા – કલાપી)
(Grammata – Kalapi)

પ્રશ્નો

૧. ગ્રામ માતા કવિતા ના કવિ નું ઉપનામ લખો. કાવ્ય ના પ્રકાર લખો. (૨)
૨. દંપતી ક્યાં બેઠા હતા અને શું કરી રહ્યા હતા? બીજું કોણ કોણ શું કરી રહ્યું હતું? (૨)
૩. માતા ના કયા વાક્ય થી યુવાન ચોંક્યો? શા માટે? (૩)
૪. રજા એ કોની કોની માફી માંગી? માફી માંગ્યા પછી શું થયું? (૩)